બદ્રીનાથમાં વધારે નુકસાનનો ખતરો

બદ્રીનાથ નજીક અલખનંદા નજીકના સોર્સ નજીક ભેખડો ધસી પડ્યા બાદ નદીનો સામાન્ય પ્રવાહ અટકી જઈને એક સરોવરનું નિર્માણ થયું છેઃ રિપોર્ટ

નવી દિલ્હી, તા. ૧૩

ઉત્તરાખંડ-કેદારનાથમાં થયેલી કુદરતી હોનારતમાંથી હજુ ઊભરી નથી ત્યારે બદ્રીનાથમાં વધારે નુકસાનનો ખતરો તોળાઈ રહ્યો છે. બદ્રીનાથની ઉપર અલખનંદા નદીના સોર્સ નજીક લેન્ડસાઈડ અથવા ભેખડોના કારણે નદીના સામાન્ય પ્રવાહ રોકાઈ ગયો છે જેના કારણે ત્યાં એક સરોવર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. આ સરોવરની લંબાઈ આશરે ૪૫૦ મિટર જેટલી છે. એવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે કે ભારે વરસાદ, ભેખડો ધસી પડવા અથવા તો વાદળ ફાટવાની સ્થિતિમાં કોઈપણ સમયે આ સરોવર સામે અડચણરૂપે ઊભી થયેલી ભેખડો દૂર થઈ શકે છે અને ભારે નુકસાન થઈ શકે છે. આના કારણે બદ્રીનાથની સુરક્ષાને લઈને ચિંતાઓ વધી ગઈ છે. આ સરોવરનું નિર્માણ ભાગીરથી ચટ્ટાન અને સંતોપથ ગ્લેશિયરની નજીક માના વિસ્તારમાં થયું છે. બદ્રીનાથ મંદિર આશરે ૮ કિલોમીટરના અંતરે સ્થિત છે. આ ખતરાની માહિતી મળતા જ ઉત્તરાખંડ વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. મુખ્યપ્રધાન વિજય બહુગુણાએ ટોચના અધિકારીઓ સાથે એક બેઠક બોલાવી છે. રાજ્યના ચીફ સેક્રેટરી સુભાષકુમાર આ મામલાને પોતે નિહાળી રહ્યા છે. રાજ્યના ડિઝાસ્ટર મિટીગ્રેશન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરના કારોબારી ડિરેક્ટર પિયુષ રોટેલાએ એક અગ્રણી અંગ્રેજી અખબારને કહ્યું છે કે બદ્રીનાથ, માના અને પાંડુકેશ્વર વિસ્તારને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

ગુરુવારના દિવસે ભારતીય આંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરો સાથે સંકળાયેલી એજન્સી રિમોર્ટ સેન્સીંગ સેન્ટર દ્વારા ઉત્તરાખંડ સરકારને આના સેટેલાઈટ ફોટાઓ ઉપલબ્ધ કરાવ્યા છે અને સંભવિત ખતરા અંગે માહિતી આપી છે. આ સેટેલાઈટ ફોટાઓ ૭મી જુલાઈના દિવસે લેવામાં આવ્યા હતા. એનઆરએસસીના જણાવ્યા મુજબ ૧૫-૧૭ જૂનના દિવસે ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ભેખડો ધસી પડતા આ સરોવરનું નિર્માણ થયું છે. આ નિર્માણ અલખનંદા નદીના સોર્સ નજીક છે. ભાગીરથ ચટ્ટાન અને સંતોરથ ગ્રેસિયરની પાસે છે. આ જગ્યા બદ્રીનાથથી ૮ કિલોમીટરના અંતરે છે. અલબત્ત એનઆરએસસીના ડિરેક્ટર વી કે ડટવાલે કહ્યું છે કે સેટેલાઈટ ઈમેજને જોઈને એવું લાગતું નથી કે ખતરો ખૂબ મોટો છે. કારણ કે આ સરોવરમાં પાણીનું પ્રમાણ વધારે નથી. ઉત્તરાખંડ સ્પેશિયલ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર એમ એસ કિમોથીએ કહ્યું છે કે ભેખડો ધસી પડવાના કારણે એકત્રિત થયેલા કાટમાળથી આ સરોવરનું નિર્માણ થયું છે. આ વિસ્તાર આશરે ૨૫૫૦ સ્કેવર મીટરની આસપાસ છે. સરોવરના વિસ્તૃત થવા અને તેમાં ગાંબડા પડવાની દહેશતના પરિણામ સ્વરૂપે અલખનંદા નદીના કિનારે રહેતા હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે. અલખનંદા નદીના કિનારે બદ્રીનાથ, ચમોલી, રૂદ્રપ્રયાગ, દેવપ્રયાગ જેવા શહેરો આવેલા છે. આ ઉપરાંત અલખનંદા નદી પર અનેક વીજળીની યોજનાઓ છે જેના ઉપર ખતરો તોળાઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અલખનંદા નદીને હિમાલય વિસ્તારમાં ખતરનાક અને ઉગ્ર સ્વભાવની નદી તરીકે ગણવામાં આવે છે. આ અગાઉ પણ આવા સરોવર બનવા અને તૂટવાથી કિનારાઓને વ્યાપક નુકસાનની ઘટનાઓ બની ચૂકી છે.

૧૮૯૪ અને ૧૯૩૦માં આ પ્રકારની ઘટનાઓથી પૂરની સ્થિતિ સર્જાઈ હતી.

બદ્રીનાથમાં એલર્ટ જાહેર

નવી દિલ્હી,તા.૧૩

બદ્રીનાથ મંદિર નજીક લેકફોર્મેશન અથવા તો સરોવરની રચના થતાં હવે એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. બદ્રીનાથની આસપાસના વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ૪૫૦ મીટર લાંબુ સરોવર ફાટવાની સ્થિતિમાં અભૂતપૂર્વ નુકસાનનો ખતરો ઊભો થઈ ગયો છે. આ ઘટનાક્રમ બાદ મુખ્યમંત્રી વિજય બહુગુણાએ ચીફ સેક્રેટરી સહિત ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી છે. નવા ખતરાની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- બદ્રીનાથ અને આસપાસના વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી
- અલખનંદા નજીકના સોર્સ નજીક ભેખડો ધસી પડ્યા બાદ પાણીના પ્રવાહને રોકીને આ ભેખડો મારફતે સરોવરની રચના થઈ છે
- સરોવર વધારે વરસાદ થવાની સ્થિતિમાં અથવા તો ભેખડો ધસી પડવાની સ્થિતિમાં ફાટી જવાથી અભૂતપૂર્વ પૂરનો ખતરો સર્જાયો
- સરોવરની લંબાઈ ૪૫૦ મીટર હોવાના અહેવાલ
- મુખ્યમંત્રી વિજય બહુગુણા દ્વારા ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી
- બદ્રીનાથ, માના અને પાંડુકેશવરમાં રહેતા વિસ્તારોમાં લોકોને સાવધાન કરાયા
- આ તમામ વિસ્તાર માટે એલર્ટની જાહેરાત કરાઈ
- ઈસરોના હૈદરાબાદ નેશનલ રિમોર્ટ સેન્સીવ સેન્ટર દ્વારા સેટેલાઈટ ફોટાઓ જારી કરાયા બાદ માહિતી સપાટી ઉપર
- એનઆરએસસી દ્વારા જારી કરવામાં આવેલા ફોટાઓથી જાણવા મળ્યું કે ૧૫-૧૭ જૂનના દિવસે ભારે વરસાદ બાદ સરોવરની રચના થઈ ગઈ છે
- ભાગીરથી ચટ્ટાન અને સંતોપથ ગ્રેસિયરનું ચિત્ર સ્પષ્ટપણે નજરે પડ્યું છે
- આ બનાવ સ્થળ બદ્રીનાથથી માત્ર આઠ કિલોમીટરના અંતરે છે
- જુદા જુદા વિસ્તારોમાં રહેતા લોકોમાં ચિંતાનું મોજું ફેલાયું

ખાદ્યાન્ન સુરક્ષાને ગંભીરતાથી અમલી બનાવવા સોનિયાનું સૂચન

નવી દિલ્હી,તા. ૧૩

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ફુડ સિક્યુરિટી સ્કૂમને ખૂબજ ગંભીરતાપૂર્વક અને કટિબદ્ધતા સાથે અમલી બનાવવા કોંગ્રેસ શાસીત રાજ્યોના મુખ્યમંત્રીઓને આજે સૂચના આપી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિાય ગાંધી માને છે કે ફુડ સિક્યુરિટી સ્કીમ વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ગેમચેન્જર તરીકે સાબિત થઈ શકે છે. સોનિયા ગાંધીની મહત્વકાંક્ષી સ્કીમ તરીકે પણ આને ગણવામાં આવે છે. ગયા સપ્તાહમાં જ કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર દ્વારા ફુડ સિક્યુરિટી વટહુકમ જારી કરીને તમામને ચોંકાવી દીધા હતા. સોનિયા ગાંધીના ડ્રિમ પ્રોજેક્ટ ખાદ્ય સુરક્ષા યોજનાની રૂપરેખા તૈયાર કરી લેવામાં આવી છે. યુપીએ સરકારને આ યોજનાને ૨૦મી ઓગસ્ટથી અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે. ૨૦મી ઓગસ્ટના દિવસે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવગાંધીની જન્મજયંતિ છે. ખાદ્યાન્ન સુરક્ષા બિલને કઈ રીતે અને કેટલી ઝડપથી અમલી બનાવવામાં આવે તેને લઈને આજે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના આવાસ પર મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસ શાસીત રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસની રણનીતિ પોતાના રાજ્યોમાં આ યોજનાને વહેલીતકે લાગૂ કરવાની સાથે સાથે આ રાજ્યના મતદારો સુધી પણ સંદેશ પહોંચાડવાની યોજના ધરાવે છે. વિરોધ પક્ષોની જ્યાં સરકાર છે તેવા રાજ્યોમાં પણ કોંગ્રેસ આક્રમક રીતે આગળ વધવા માંગે છે. હકીકતમાં મનરેગાની ખાદ્યાન્ન સુરક્ષા યોજનાને પણ ચૂંટણી કાર્ડ તરીકે પણ ઉપયોગ કરવામાં આવનાર છે. આ વર્ષે નવેમ્બર મહિનામાં દિલ્હીમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીના અનુસંધાનમાં આની શરૂઆત દિલ્હીથી ૨૦મી ઓગસ્ટના દિવસે કરવામાં આવશે. દિલ્હીમાં આ યોજના બે તબક્કામાં અમલી બનાવવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં ૫.૨૧ લાખ પરિવારોને આવરી લેવામાં આવશે. પ્રથમ ચરણમાં તમામ ગરીબીરેખા નીચે વાળા પરિવારો એપીએલ, રેશનિંગ કાર્ડ ધારકો અને અત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓને સામેલ કરવામાં આવશે. કોંગ્રેસ માને છે કે આ યોજના ચૂંટણીમાં ખૂબજ ઉપયોગી સાબિત થઈ શકે છે. આશરે એક કલાક સુધી ચાલેલી આ બેઠકમાં સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે આ યોજના વહેલીતકે અમલી બનવી જોઈએ આ બેઠક એવા સમયે મળી છે જ્યારે પાર્ટી આ યોજનાને પ્રોજેક્ટ કરી રહી છે. આ યોજનામાં ૮૨ કરોડ લોકોને સસ્તામાં અનાજ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા છે. સરકારનું કહેવું છે કે વટહુકમ લાવવાની ફરજ પડી છે કારણ કે બિલની પ્રક્રિયામાં ઓછામાંઓછા ત્રણ મહિનાનો સમય લાગી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખાદ્યાન્ન સુરક્ષા બિલના મામલે વિરોધપક્ષ અને સરકાર વચ્ચે ભારે મતભેદની સ્થિતિ રહી હતી જેના પરિણામસ્વરૂપે આ બિલ પસાર થઈ શક્યુ નહતુ. આખરે કોંગ્રેસ સરકારે વટહુકમ મારફતે આ સ્કીમને અમલી કરાવવાની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિએ આ વટહુકમ પર સહિસિક્કા કરી દીધા હતા જેના લીધે હવે ૨૦મી ઓગસ્ટથી યુપીએ સરકાર આ યોજનાને અમલી બનાવી શકશે. રાજીવગાંધીની જન્મજયંતિના દિવસે આ યોજના શરૂ કરાશે.

અદાકાર પ્રાણના અંતિમ સંસ્કાર

મુંબઈ,તા. ૧૩

મુંબઈ સિનેમાના પ્રથમ અને અંતિમ લોકપ્રિય વિલન પ્રાણના આજે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમના પરિવારના સભ્યો અને હિન્દી સિનેમા જગતની કેટલીક હસ્તીઓની ઉપસ્થિતિમાં તેમના શિવાજીપાર્ક સ્થિત વિજળી સ્મશાનગૃહમાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. તેઓ ૯૩ વર્ષના હતા. બોલિવુડમાં પોતાની નકારાત્મક ભૂમિકાના કારણે જાણિતા પ્રાણનું લીલાવતી હોસ્પિટલમાં ગઈકાલે મોડી રાત્રે અવસાન થયુ હતુ. તેઓ લાંબા સમયથી બિમાર હતા. અંતિમયાત્રાના સમયે તેમના પાર્થિવ શરીરને ફુલોથી સજાવવામાં આવ્યા બાદ તેમના મૃતદેહને દાદર સ્થિત પશ્ચિમ સ્મશાનગૃહમાં લઈ જવામાં આવ્યો હતો. અહીં ભારે વ્યવસ્થા રાખવામાં આવી હતી. જે લોકો અંતિમ સંસ્કારમાં ઉપસ્થિત થયા હતા તેમાં કરણ જોહર, અમિતાભ બચ્ચન, રાજબબ્બરનો સમાવેશ થાય છે.

શેરખાન તરીકે લોકપ્રિય હિંદી સિનેમાના ખૂબ જ લોકપ્રિય કલાકાર પ્રાણનું ગઈકાલે મોડી રાત્રે અવસાન થયું હતું. પ્રાણ ૯૩ વર્ષના હતા.લાંબી માંદગી બાદ પ્રાણનું અવસાન થતાં બોલિવૂડમાં આઘાતનું મોજું ફળી વળ્યું હતું.અમિતાભ સહિતના અન્ય બોલિવૂડ હસ્તીઓએ તેમની પ્રશંસા કરીને શ્રદ્ધાંજલિ આપી છે.મુંબઈ સિનેમાના પ્રથમ અને છેલ્લા સુપર સ્ટાર વિલનનું અવસાન થતાં તેમના આવાસ ઉપર તમામ હસ્તીઓ પહોંચવા લાગી હતી. ગયા વર્ષે મહાન ભારતીય કલાકાર સત્યજીત રેની ફિલ્મોના પ્રિય અભિનેતા અને વરિષ્ઠ બાંગલા અભિનેતા સોમિત્ર ચેટરજીને દેશના સર્વોચ્ચ સન્માન દાદાસાહેબ ફાલકે એવોર્ડ આપવાની જાહેરાત કરાઈ ત્યારે બોલિવૂડના ત્રણ લોકપ્રિય નામ પ્રાણ, મનોજકુમાર અને વેજન્ટી માલા પણ યાદીમાં હતા. વર્ષ ૨૦૧૨માં ભારતીય સિનેમાની શતાબ્દીની શરૂઆતમાં સોમિત્ર ચેટરજી જેવા મોટા અભિનેતાઓને આ એવોર્ડ બિલકુલ યોગ્ય હતો પરંતુ લોકપ્રિયતાની જે યાદીમાં લોકો હતો તેમાં પ્રાણનો પણ સમાવેશ થાય છે. પ્રાણ પણ આ મોટા સન્માનના હકદાર હતા. આ વર્ષે પ્રાણને દાદાસાહેબ ફાલકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા જે દર્શાવે છે કે મિલેનિયમ ઓફ વિલન ખૂબ જ લોકપ્રિય હતા. સ્ટાર ડસ્ટ પત્રિકાએ વર્ષ ૨૦૦૨માં પ્રાણને મિલેનિયમ ઓફ વિલનનો તાજ આપ્યો હતો. ૬૦ વર્ષથી વધુ સમય સુધી સક્રિય રીતે પ્રાણ રહ્યા હતા. ૬૦ અને ૭૦ના દશકમાં પ્રાણ ભારતીય પરિવારની માનસિકતામાં જોડાયેલા હતા. બાળકોના નામ બિલકુલથી પણ પ્રાણ રાખવામાં આવતા ન હતા. બોલિવૂડમાં પ્રાણ એક ખલનાયક તરીકે રહ્યા પરંતુ ગુલસનગોવર, શક્તિ કપૂર તરીકે તેમને ગણી શકાય નહીં. પ્રાણ અજીત, કે એન્ડ સી, મદનપુરી અને જીવન જેવા અલગ દોરના વિલન હતા.

નાના ગેસ સિલિન્ડરોના વેચાણ પર અંતે પ્રતિબંધ

પટણા,તા. ૧૩

બિહારના ગયા જિલ્લાના બોધગયા સ્થિત મહાબોધી મંદિર સંકુલમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાનમાં નાના ગેસ સિલિન્ડરોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે નાના સિલિન્ડરોના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકી દીધો છે. બિહારના ખાદ્યાન્ન પ્રધાન શ્યામ રજકે કહ્યુ છે કે આ સંબંધમાં ગેસ કંપનીઓ સાથે વાતચીત થઈ ચુકી છે. આ બેઠકમાં નાના સિલિન્ડરોના વેચાણ અને પુરવઠા પર તાત્કાલિક પ્રતિબંધ મુકવાની રજુઆત કરી હતી. કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે અને મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યુ છે કે બોધગયા સ્થિત મહાબોધી મંદિર સંકુલ અને તેના આસપાસના વિસ્તારોમાં સાતમી જુલાઈના દિવસે થયેલા સિરિયલ બ્લાસ્ટમાં નાના ગેસ સિલિન્ડરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગેસ કંપનીઓએ રજકને કહ્યુ હતુ કે ભૂતકાળમાં પણ આશરે ૨૦૦૦ ગ્રાહકોને પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડરોનો પૂરવઠો આપવામાં આવ્યો હતો.

આ ગ્રાહકોની વચ્ચે ૩૦૦૦ અન્ય એવા સિલિન્ડરો મારફતે ગેસની રિફિલીંગ કરવામાં આવી રહી છે. રજકે કહ્યુ હતુ કે કોઈ પણ દુકાન દ્વારા આવા ગેસ સિલિન્ડરોના વેચાણની સ્થિતિમાં તે વિસ્તારની તમામ ગેસ એજન્સીઓને જવાબદાર ગણવામાં આવશે અને આવા ગેસ સિલિન્ડરોના ઉપયોગ કરનારની સાથે સાથે સાથે તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. તમામ પોલીસને પણ આ સંબંધમાં જાણ કરવામાં આવી ચુકી છે. આવી સ્થિતિમાં ગેસ સિલિન્ડરોના વેચાણ મામલે તેમને પણ જવાબદાર ગણવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે બોધગયામાં નવ બ્લાસ્ટ થયા હતા જેમાં મંદિર સંકુલને ભારે નુકસાન થયુ હતુ. આ બ્લાસ્ટના સંબંધમાં હજુ સુધી એનઆઈએ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી. ગુપ્ત જગ્યાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

ધોની દુનિયાનો સર્વશ્રેષ્ઠ 'માસ્ટર ફિનિશર' બન્યો

નવી દિલ્હી,તા. ૧૩

ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ વેસ્ટ ઈન્ડિઝમાં હાલમાં ત્રિકોણીય શ્રેણીની ફાઈનલમાં એકલા હાથે પોતાની ટીમને જીત અપાવીને ઈતિહાસ સર્જયો હતો. ધોનીએ છેલ્લે સુધી મેદાન પર રહીને ભારતને ટ્રોફી અપાવી હતી. ભારતને છેલ્લા ઓવરમાં ૧૫ રનની જરૂર હતી જે ધોનીએ બનાવી લઈને મેદાન પર ઉપસ્થિત ક્રિકેટ ચાહકો અને ટીવી પર મેચ નિહાળી રહેલા લાખો ક્રિકેટ ચાહકોને રોમાંચિત કરી દીધા હતા. ધોની હવે ફિનિશિંગ ફાઈનેસેસ તરીકે ઉભરી ગયો છે. ધોનીએ પોતાની કેરિયરમાં અનેક મેચો એકલા હાથે ભારતને જીતાડી છે. આંકડા પર નજર કરવામાં આવે તો ધોની સૌથી આગળ થઈ ગયો છે. શ્રીલંકા સામે ફાઈનલ મેચમાં ભારતે ૨૦૨ રનના લક્ષ્યાંક સામે ૧૬૭ રને આઠ વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ માસ્ટર ફિનિશર ધોનીએ બાજી રાખી હતી. ધોનીને આ વાતની માહિતી હતી કે લાસિત માલિંગા અને એંનજેલો મેથ્યુસ તેમના ક્વોટાની ઓળર પૂર્ણ કરી ચુકયા છે. ૪૯મી ઓવરમાં ધોનીએ સિંગલ રન લેવાનો ઈશાંતને ઈન્કાર કર્યોહતો અને સ્ટ્રાઈક જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો.

વન ડે ક્રિકેટમાં સફળ ચેઝમાં સૌથી વધારે સરેરાશના મામલેપણ ધોની હવે સૌથી આગળ થઇ ગયોછે. ધોનીએ સફળ ચેઝની ૭૨ મેચોમાં બે સદી અને ૧૪ અડધી સદી સાથે ૨૧૦૨ રન બનાવ્યા છે અને તેની સરેરાશ ૧૦૦.૦૯ રનની રહી છે. આમાં બે સદી અને ૧૪ અડધી સદીનો સમાવેશ થાય છે. બીજા નંબર પર આ મામલે માઈકલ બેવન છે. બેવને ઓસ્ટ્રેલિયાને અનેક મેચો જીતાડવામાં ભૂમિકા અદા કરી હતી.બેવને ૭૫ મેચોમાં ૮૬.૨૫ રનની સરેરાશ સાથે વન ડેમાં રન ચેઝમાં ભૂમિકા અદા કરી છે. બીજી બાજુ ધોની વન ડે ક્રિકેટમાં બીજા દાવમાં બેટિંગના મામલે પણ હાઈએસ્ટ સરેરાશ ધરાવે છે.

વન્યસૃષ્ટિ પરિચય (૪ પાનાનું ચાલું)

કીડીઓની વધારે પડતી સંખ્યા કે ઓછી સંખ્યાની અસર જે તે વિસ્તારની જીવોની વિવિધતા પર વર્તાય છે. જ્યાં કીડીઓની સંખ્યા કે પ્રમાણ વધુ છે. ત્યાં અન્ય વિઘટકો અને ખાસ કરીને તૃણાહારીઓની સંખ્યા ઓછી જણાઇ છે. જ્યારે કીડીઓ ઓછી હોય તેવાં ભાગમાં અન્ય પ્રાણીઓની ઘટના વધારે પ્રમાણમાં નોંધાઇ હતી. કીડીઓ પાસેથી જૂથ/ટીમમાં રહેવાની પ્રેરણા પણ પ્રાપ્ત થાય છે. કેવી રીતે નિષ્ઠાથી પોતાનું નિયત, સતત કાર્ય કર્યા કરવું? કેવી રીતે શિસ્તમાં રહેવું? જેવા વ્યવસ્થાપનમાં પ્રેરણાદાયી નિવડે તેવા પાઠો પણ કીડી પાસેથી શિખવા મળે છે.

આમ, પૃથ્વી પરના તમામ જીવો પૃથ્વીના પર્યાવરણની સ્વચ્છતા અને સ્વસ્થતા માટે પોતાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ પૃથ્વી પરનો કોઇ જીવ બિન ઉપયોગી કે નકામો નથી. ક્યાંક તે પોષણ કડી સ્વરૂપે કે ઉર્જાના એક ભાગરૂપે કુદરતના ચક્રમાં તેનું કાર્ય કર્યા કરે છે. આવા જીવોની હાજરીથી પર્યાવરણને કદી હાનિ પહોંચતી નથી પરંતુ સંતુલન જળવાઇ રહે છે.

'પ્રિય ન કરીયો કોઇ' (૪ પાનાનું ચાલું)

તેથી તું જરૂરથી આવજે. આ સાંભળી રાગીણી રડતાં રડતાં કહે છે કે તારે લીધે મે મારા પૂજ્ય એવા સાસુ-સસરાને હેરાન કર્યા અને મારા દેવ જેવા પતિ ઉપર ખોટા આક્ષેપ કર્યા અને અવશાન પામ્યા. ભગવાન આવો બદલો જરૂરથી તને આપશે. આટલું સાંભળતાં ગોડ બ્લેસ યુ કહી પ્રેરક જતો રહે છે. જ્યારે રાગીણી ધીમા પગલે રડતી રડતી બગીચાની બહાર આવી, રક્ષા કરી મહાલક્ષ્મી મંદિર પાસે આવેલા નાગરપોળમાં લઈ જવાનું કહે છે. રાગીણી એટલાં બધા વિચારમાં હતી કે તેના રીક્ષાવાળાએ કહ્યું કે બહેન તમારે ઉતરવાનું આવી ગયુ છે. ત્યારે ખબર પડી ઘરે આવી સુનમુન થઈ પોતાની રૂમમાં જતી રહે છે. માતા રંભાલક્ષ્મી જમી લેવાનું કહે છે, પરંતુ જમતી નથી. બે ત્રણ દિવસ પછી પેપરમાં સમાચાર આવે છે અતિ શિક્ષિત યુવતી નામે રાગીણી એ કરેલ આપઘાત.

૨.૧૮ લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથનાં દર્શન કર્યા

લખનૌ,તા. ૧૩

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૨.૧૮ લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથના દર્શન કર્યા છે. અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે આગળ વધી રહી છે. આ યાત્રા હજુ યથાવતરીતે આગળ વધે તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે કારણ કે હવામાન બિલકુલ સ્વચ્છ બનેલું છે. દરમિયાનમાં ૧૨૮૦ શ્રદ્ધાળુઓની નવી ટુકડી આજે જમ્મુથી રવાના થઈ હતી. અમરનાથની યાત્રા શરૂ થાય બાદથી ૨૧૪૧૧૮ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુકયા છે. તમામ શ્રદ્ધાળુઓને સઘન સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આજે સવારે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. ૪૨ વાહનોમાં શ્રદ્ધાળુઓનો ૧૭મો કાફલો રવાના થયો હતો જેમાં કુલ ૧૨૮૦ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે.

સમાચાર ઝલક

- ♥ **તા.૧૮મી જુલાઇએ ઝારખંડ વિધાનસભા મળશે, નવી સરકાર બહુમત સાબિત કરશે.**
- ♥ **ભારે વરસાદથી રેલ્વે વ્યવહારને અસર પડી.**
- ♥ **વડોદરામાં ૨ માળનું મકાન ધરાશાયી, કોઇ જાનહાનિ નહીં.**
- ♥ **પાકિસ્તાનની મલાલાએ ૧૬મો જન્મદિવસ ઉજવતા જણાવ્યું કે દરેક બાળકને મફત શિક્ષણ મળે તેવું ઇચ્છું છું.**
- ♥ **કચ્છ-ગાંધીધામ-અંજારમાં ભારેથી અતિભારે વરસાદ.**
- ♥ **રવિવારે રેલ્વેની ઓનલાઇન ટીકીટ નહી મળે.**
- ♥ **બનાસકાંઠામાં ૮ ટ્રકો, નિયમ વિરૂદ્ધ પ્રવેશતાં ઝડપાઇ, ૧.૬૦ લાખનો આર.ટી.ઓ.એ દંડ કર્યો.**
- ♥ **વડતાલમાં સીટી બસનો પ્રારંભ.**
- ♥ **વિજાપુરમાં અંત્યોદય યોજનામાં ગરીબો માટેનું અનાજ અન્ય જગ્યાએ વપરાતું હોવાનું માલૂમ પડયું...!**
- ♥ **દાગી સંસદ સભ્યો દૂર કરવાનાં સુપ્રીમનાં આદેશની સામે રાજકીય પક્ષોમાં હિલચાલ.**
- ♥ **પેટ્રોલ એ ડિઝલમાં ફરીથી ભાવવધારો થશે.**
- ♥ **દિલ્હીમાં ભાજપ મહિલા પાંખે મોંઘવારી વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચારો કર્યા.**
- ♥ **કઠલાલના તાલુકા પંચાયત પ્રમુખનાં ઘરે ધાડપાડુઓએ ધાડ પાડી.**
- ♥ **બદ્રીનાથમાં પણ કુદરતી પૂરનો ભય.**
- ♥ **ઇરાકમાં બોમ્બ બ્લાસ્ટથી ૬૦નાં મોત.**
- ♥ **ચીનમાં પૂર અને ભૂસ્ખલનથી ભારે તારાજી.**
- ♥ **બારકોડ રેશનકાર્ડ મેળવવા છૂટછાટ મુકતી સરકાર.**
- ♥ **મુંબઇમાં ભારે વરસાદથી જીવનવ્યવહાર અસ્તવ્યસ્ત.**